નીરવ પટેલની વહેલી અને વસમી વિદાય ...

- સિતાંશુ યશશ્ચન્દ્ર.

દલિત કવિતાનો, ગુજરાતી કવિતાનો, ભારતીય કવિતાનો એક બળકટ અને મર્મીલો સ્વર આજે આમ અકાળે શાંત થઈ ગયો, નીરવ પટેલે વહેલી વહેલી વિદાય લીધી. એ કવિની ગુંજરતી નીરવ-તાને આપણે સહુ કાન દઈને સાંભળતા હતા. પણ આ અકાળ મૌન?

*

એક દલિત કવિ જ પોતાના સમાજની પીડા અનુભવીને જે સવાલ પૂછી શકે, એ સવાલ નીરવે ‘બહિષ્કૃત ફૂલો;-ના પહેલા જ કાવ્યમાં પૂછ્યો હતોઃ ‘અરે મને તો દહેશત છે/ મારી ચિતા સાથે પણ નહીં મરે મારું નામ?’ 1978માં નીરવની પહેલી કવિતા ‘તોડફોડ’ સામયિકમાં છપાઈ, ‘બહિષ્કૃત ફૂલો’-નું પ્રકાશન 2005માં થયું. ત્યારથી આજ 2019 સુધીમાં તો એવું કામ કવિ નીરવ કરી ગયા કે વાચકને પૂરો વિશ્વાસ છે કે આજ સવારે સમય કરતાં બહુ વહેલી સળગેલી એમની ચિતા સાથે આ દલિત અને ઉત્તમ કવિ નીરવ પટેલનું નામ નહીં સળગી જાય. ભાસના ‘સ્વપ્નવાસવદત્તા’ નાટક માટે ‘દાહકો ભૂન્ન પાવકઃ’ એમ કહેવાયું હતું. નીરવની કવિતાએ દલિત સમાજનાં દુઃસ્વપ્નોને, અને સહુ કોઈનાં સપનાંઓને પણ, કવિતાની બાનીમાં એ જ બોલાવી શકે એ રીતે બોલતાં કરી દીધાં છે. 25 જાન્યુઆરી 1986-ના પીડાના પૂર જેવા જેતલપુર કાંડમાં ભુંજાયા પછી પણ એ નિર્ભય-સદય નીરવ કવિ કહી શકે છેઃ ‘તેઓ જ્યારે જાણતા થશે/ ત્યારે વસંત-રજબની વિશાળ ને વિરલ મૈત્રી જેવા /આપણા સ્નેહનું સ્મારક રચાશે.’ થશે, રચાશે, નીરવ.

* *

પણ આજના આ દિવસે, 16મી મે’ની સવાર બપોરે, નીરવ-તા વિનાનું આ મૌન અકારું લાગે છે. હજી બસ પાંચ જ દિવસ પહેલાં નીરવને ઘેર, અમદાવાદમાં, કવિને એમના પરિવાર સાથે મળવાનું થયું. ત્યારે એમની વિદાય લેતી કાયામાંથી ઝળાંહળાં થતાં ભીતરી ચેતનાનાં અજવાળાંથી અમારી (મારી અને મિત્રકવિ રાજેન્દ્ર પટેલની) આંખો સભર થઈ હતી. આ 11મી મે’ની એ સવારની (હવે તો કાળજયી બનેલી) ઘડીઓ કવિ સાથે, એમના કુટુંબ સાથે ગાળવા મળી. આવી રહેલા અવસાનનાં ચિહ્ન એમના શરીર પર હતાં. આંખો બંધ કરીને કવિ સૂતો હતો. અન્ન કેટલાયે દિવસોથી લઈ શકતા નહોતા, પાણી પણ થોડી ચમચીએ ચમચીએ. એમના

દીકરાએ કહ્યું કે અમે આવ્યા છીએ, ને નીરવના ચહેરા ઉપર સાવ અનાયાસ અને એ જ પળે જે સ્મિત ઉભરાયું, એમણે ઉઘાડેલી તેજભરી આંખોમાં જે હેત છલકાયું, એ રાજેન્દ્રનું ને મારું હવે તો મોઘેરું સંભારણું બની ગયું. પણ એ દિવસે તો મારા મનમાં એક જ પંક્તિ ઉભરાઈ આવી હતીઃ ઇન માય એન્ડ ઇઝ માય બિગિનિંગ. કારણ કે ભલે કવિ એલિયટ એ પંક્તિ લખી ગયા, પણ કવિ નીરવે એ પંક્તિ એ અધરી પળે સાવ સહજપણે જીવી બતાડી. કઈ રીતે, એ જોઈએ.

પછી અમે વાતોએ વળગ્યા! આગલે દિવસે આપણાં બીજાં બે મુંબઈગરા કવિમિત્રો, પ્રો. સેજલ શાહ અને શ્રી હેમન્ત શાહ, નીરવભાઈને મળેલા, એનું સ્મરણ નીરવે અને પરિવારે હેતથી કર્યું. નીરવ બોલી શકતા નહોતા પણ એમણે એક નાનકડી નોંધપોથી રાખી હતી, ને એક પેન. એમ સાંભળી-વાંચીને આગળ વધતી અમારી ગોઠડી તો કોઈ મેલિગ્નન્સી કદાપિ જ્યાં પહોંચી ન શકે એવા, નર્યા નિરામય દેશપ્રદેશે રમતી ચાલે ક્યાંની ક્યાં ચાલી!

નામદેવ ઢસાળને યાદ કર્યા, દયા પવારને. સુર્વેને. નીરવની કવિતાના ચાહનારાઓ આખા દેશમાં છે, એ મારા સ્વાનુભવની વાત એમને કરી. જવાબમાં કવિએ પોતાની એ અંતિમ નોંધપોથી પોતાના હાથમાં લીધી, મજબૂત પંજામાં પેન પકડી, લખ્યું ને અમને વાંચવા આપ્યું. લેતાં લેતાં રાજેન્દ્રને અને મને થયું કે શું હશે એ લખાણ? વાંચ્યું ત્યારે એ સવાલનો જે જવાબ મળ્યો, એ અવિસ્મરણીય હતો.

એ અજોડ કવિ, નીરવ, પોતાની વાત નહોતો કરતો, એ તો મનોમન પાછો પહોંચ્યો હતો દૂર ઇશાન દેશમાં, દેશના ઉત્તરપૂર્વી રાજ્ય મણિપુરમાં. જાણે એનો ને મારો, દિલ્લીની સાહિત્ય અકાદેમીના કોઈ કાર્યક્રમનો વરસો જૂનો કોઈ ભારતીય કવિમિલનનો સહિયારો અનુભવ એ તાજો કરતા હોય, એમ કવિ નીરવ પટેલે એ નોટમાં અક્ષર પાડેલા. મણિપુરની કવિયત્રીઓ વિશે લખેલું. ના, કોઈ નૃત્યાંગના-કવયિત્રી વિશે નહીં, મણિપુરની મહેનતકશ કવયિત્રીઓ વિશે. સ્ત્રીઓ સમય મળ્યે કવિતા લખે અને સવાર બપોર સાંજ શાકભાજી અને બીજો પરચૂરણ માલસામાન લઈ, પોતાના પરિવારને ટકાવવા માટે, ગામના બજારમાં નાનો વેપાર ચલાવે. એની વાત નીરવને યાદ આવેલી. એમને માટે નીરવે ચાલતી કલમે એક અનોખો સંસ્કૃતમૂલક શબ્દ નીપજાવેલોઃ 'વ્યાપારિકાઓ'! એટલે કે મણિપુરના નારીપ્રધાન સમાજમાં કુટુંબનો વેપાર, વ્યવસાય, સંભાળતી નારીઓ, જે મણિપુરી ભાષાની અગ્રણી કવયત્રીઓ પણ છે. એ મહેનતકશ મણિપુરી કવયિત્રીઓ વિશે કવિ નીરવ પટેલ, આ 11મી મે'ની સવારે વાત કરતા હતા. 16મીની સવાર પડે એ પહેલાં એ ગયા.

નીરવના હસ્તાક્ષરમાં લખાયેલી એ વાત, એમની અંતિમ અને અનુપમ કવિતા, મારી પાસે જળવાઈ છે (પાસે અને ભીતર) એ આઃ







(‘મણિપુરની કવયિત્રીઓ / વ્યાપારિકાઓ પણ ખરી? / સાંજુકનો સંકેલો લે / એટલે વળી ઓર ઝળુહળુ.”

-- કવિ નીરવ પટેલ, તમે ચે ભારતભરમાં ‘ઓર ઝળુહળુ’, આજે ચે છો અને આવતી કાલે પણ તમારી કવિતાથી હશો. અલબત્ત! પણ ભાઈ, આમ ‘સાંજુકનો સંકેલો’ આટલો વહેલો નહોતો કરવો ....

મે’ 16, 2019.

સમા, વડોદરા.